૬

<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>
ધો ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહની શાળા પૈકી ૩ (ત્રણ) નિવાસી શાળાઓમાં ધો.૧૧ નો ક્રમિક વર્ગ શરૂ કરવા બાબત
રૂ.૭૧.૨૫ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૯/૬૦૭૬૧૮/ન.બા.૧૪/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૧૨/૨૦૨૦

<u>વંચાણમાં લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અનશ-૧૦૨૦૧૯-૨૫૪૧૧૮-નબા-૨૧-ગ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૩/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧/૨/૨૦૧૯-૨૦/૧૩૧૦૫-૦૬

<u>આમુખ:</u>

રાજયમાં અનુસૂચિત જાતિના ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી કુલ-૨૮ આદર્શ નિવાસી શાળાઓ મંજુર થયેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૧૮/૦૯/૨૦૧૯ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ- ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ પૈકી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ (૨) આદર્શ નિવાસી શાળા(કુમાર), બરવાળા (૩) આદર્શ નિવાસી શાળા(કન્યા), અમરેલી તથા (૪) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૪ સરકારી આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૦ નો વર્ગ શરૂ કરવાની રૂ.૭૪.૬૭ લાખની વર્ષ ૨૦૧૯-૨૦માં વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ ૦૪ સરકારી કન્યા આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ શરૂ કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૩/૧૦/૨૦૧૯ના પત્રથી

દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ઠ રા વ:

નિયામકશ્રી(અજાક)ની વંચાણે લીધેલ ક્રમાંક:(૨)ની દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિ માટેની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ- ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ પૈકી (૧) આદર્શ નિવાસી શાળા(કુમાર), પાટણ (૨) આદર્શ નિવાસી શાળા(કન્યા), અમરેલી તથા (૩) આદર્શ નિવાસી શાળા(કન્યા), સુરત એમ કુલ ૦૩ સરકારી આદર્શ નિવાસી શાળાઓ ખાતે ધોરણ-૧૧ નો વર્ગ શરૂ કરવાની તેમજ તે માટે મદદનીશ શિક્ષક , વર્ગ-૩ (પગાર ધોરણ- રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦)(માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/-)ની ૬(છ) નવી જગ્યાઓ કોરોનાની હાલની પરિસ્થિતિમાં શાળાઓ બંધ છે તેથી જ્યારથી રાજ્યમાં બધી જ શાળાઓ નિયમિત રીતે ચાલુ થાય વર્ગો- ભોજનાલય ચાલુ થાય ત્યાર પછી અમલ કરવાની શરતે રૂ.૭૧.૨૫ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવે છે. સદરહુ મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

શ ર તો :

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/03/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦03-જીઓઆઇ-૧૦(પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાતની મુદત પૂરી થતાં પહેલાના એક માસ અગાઉ વિભાગ મારફત નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૪) ઉક્ત નવી બાબતની વહીવટી મંજૂરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્ર:હરચ-૧૦૨૦૨૦૧૧૮-ઝ-1 થી અપાયેલ સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે નિયામકશ્રી(અજાક)એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૧૭ SCW-08 સરકારી

છાત્રાલયો/સમરસ છાત્રાલયો/ મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.03/૧૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ/જ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦